જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૧૨/૨૦૧૯ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૨૧૨૦/૧૯**

# રેલ્વે સ્ટેશનના આજુબાજુ વિસ્તારમાં નાના બાળકોની ભિક્ષાવૃતિ અટકાવવાની ઝુબેંશ

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓની સુચના મુજબ અને સંયુકત પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફિક, અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ પશ્ચિમ ટ્રાફિક વિભાગમાં આવેલ રેલ્વે સ્ટેશન/બસસ્ટેશન વિસતારમાં નાના બાળકો દ્વારા ભીક્ષાવૃતિ કરતા હોય તેવા તેવા બાળકોનુ અઠવાડીયા સુધી અભ્યાસ કરવામાં આવેલ અને ટ્રાફિક પોલીસ તથા મહિલા સેલની અલગ –અલગ ટીમો બનાવી ભિક્ષાવુતિ કરતા બાળકોનુ રેસ્કયુ કરવા તા.૧૩/૧૨/૨૦૧૯ નારોજ ઝુંબેશ હાથ ધરતા કુલ ૧૭(સત્તર) બાળકો રેસ્કયુ કરવામાં આવેલ અને ચાઇલ્ડ વેલ્ફેર અધિકારીશ્રી ને સોપવામાં આવેલ

- રેસ્કયુ કરવામાં આવેલ બાળકો/બાળકીઓના વાલી વારસ/માતા-પિતાઓની પુછપરછ તજવીજ ચાલુમાં છે જેને આધારે આગળના પગલા લેવામાં આવશે.
- આ રેસ્કયુ કરાવેલ બાળકો/વાલી-વારસ/માતા-પિતા ઉપર પોલીસ દ્વારા સતત ધ્યાન રાખવામાં આવશે.
- પહેલા તબક્કાના અભ્યાસ દરમ્યાન કુલ -૪૧ બાળકો ધ્યાને આવેલ જે પૈકી કુલ-૧૭ (સત્તર)બાળકોનુ રેસ્કયુ કરવામાં આવેલ બાકીના બાળકોની શોધખોળ કરવાની ચાલુમાં છે.
- જાહેર જનતાને અનુરોધ છે કે અમદાવાદ શહેરમાં આ પ્રકારના બાળકો ભિક્ષાવુતિ માં સંડોવાયેલ હોય અથવા સંવેદનશીલ વ્યવસ્થા મેળવવા પોલીસ કન્ટ્રોલ રૂમ અમદાવાદ શહેર ટેલીફોન નંબર..૦૭૯૨૫૬૩૦૧૦૦ અથવા ના.પો.કમિ.શ્રી પશ્ચિમ ટ્રાફિક કચેરી ટેલીફોન નંબર ૦૭૯-૨૨૮૬૧૫૧૦ અથવા મહિલા ક્રાઇમ સેલ કચેરી ટેલીફોન નંબર ૦૭૯-૨૨૮૬૨૩૬૬ ઉપર જાણ કરવા વિનંતિ છે.

# પાસા હેઠળ કરેલ અટકાયતની વિગત

## વટવા પોલીસ સ્ટેશન :

મે.પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓની તથા અધિક પો.કમિ.શ્રી સેક્ટર-૨ સાહેબ નાઓની સુચના આધારે તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૬ સાહેબ તથા ઈન્ચાર્જ મ.પો.કમિ.શ્રી જે-ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના સિનીયર પો.ઈન્સ. એચ.વી.સીસારા નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્ટાફના માણસોએ દાખલ થયેલ વટવા પોલીસ સ્ટેશન (૧)પ્રોહી. ગુરનં. ૫૪૦૨/૧૯ ધી પ્રોહી. એક્ટ કલમ -૬૫(એ)(એ). ૬૬(બી) તથા (૨) પ્રોહી. ગુરનં. ૫૫૧૫/૧૯ ધી પ્રોહી. એક્ટ કલમ -૬૬(બી). ૬૫(ઈ). ૮૧મુજબના ગુનાઓના કામના આરોપણ બેન નામે શ્રીમતી વિકાબેન ઉર્ફે ભુરી વા/ઓ મુકેશભાઈ ઈંદુભાઈ જાતે-ચુનારા ઉવ. ૫૦ રહે, આદીવાસીના છાપરા, ખોડલ માતાની વાવ સામે, તળાવની પાળે, વટવા અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધ મે. પોલીસ કમિ. શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક:- પીસીબી/ડીટીએન/પાસા/૧૪૨૧/૨૦૧૯ તા.૧૩/૧૨/૨૦૧૯ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપણ બેનને આજરોજ તા.૧૩/૧૨/૨૦૧૯ ના કલાક ૧૭/૩૦ વાગે વટવા પોલીસ સ્ટેશન ખાતે પકડી લાવી પાસા હુકમની બજવણી કરી આરોપણ બેનને યોગ્ય જાપ્તા સાથે મધ્યસ્થ જેલ વડોદરા ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



## ગુના નિવારણ શાખાની કામગીરી :

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટિયા સાહેબ નાઓએ **તા.૧૩.૧૨.૧૯** ના રોજ અમદાવાદ શહેરના જુદા જુદા પોસ્ટે વિસ્તારમાં વારંવાર શરીર સબંધી/મિલ્કત સબંધી/પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના ગોમતીપુર, બાપુનગર, દરીયાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોની નજર ચુક્વી શર્ટના ખિસ્સામાથી મોબાઈલ ફોનની લુટ કરનાર અને પોતના સાગરિત સાથે મો.સા. ઉપર આવી લોકોના ખિસ્સામાથી મોબાઈલ ફોનની લુટ કરનાર ઇસમ ઈસ્તીયાક અહેમદ ઉર્ફે હલેલા ઉર્ફે ફટાકડી ઉર્ફે મોગલી મુસ્તાક અહેમદ શેખ રહેવાસી કાચા છાપરા  બાગે ફિરદોસ સોસાયટીની બાજુમા અમીના મસ્જીદ પાસે,સોનલ સિનેમા, વેજલપુર અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | ઈસ્તીયાક અહેમદ ઉર્ફે હલેલા ઉર્ફે ફટાકડી ઉર્ફે મોગલી મુસ્તાક અહેમદ શેખ રહેવાસી કાચા છાપરા  બાગે ફિરદોસ સોસાયટીની બાજુમા અમીના મસ્જીદ પાસે,સોનલ સિનેમા, વેજલપુર અમદાવાદ |

- વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોની સાથે ઝઘડો કરી મારમારી કરનાર અને ગુનાહિત અને ઝનુની માનસ ધરાવનાર ઈસમ મોઈનુદીન ઉર્ફે મોઈન ક્માલુદીન અબ્દુલમીયાં શેખ રહેવાસી-મ.ન.આઈ/૧૧૫ સંકલીતનગર જુહાપુરા અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી સુરત જેલ ખાતે તેમજ મોહંમદ મોઝ્મ ઉર્ફે આદીલ મોહંમદ યાકુબ ઉસ્માનભાઈ ઘોઘારી રહેવાસી- મ.ન.૨૦ આલ્ફા ડુપ્લેક્ષ એક્તા  મેદાન જુમ્મા મસ્જીદની પાસે ઝલક ફ્લેટની બાજુમા વેજલપુર અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી રાજકોટ જેલ મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | મોઈનુદીન ઉર્ફે મોઈન ક્માલુદીન અબ્દુલમીયાં શેખ રહેવાસી-મ.ન.આઈ/૧૧૫ સંકલીતનગર જુહાપુરા અમદાવાદ |
|  | મોહંમદ મોઝ્મ ઉર્ફે આદીલ મોહંમદ યાકુબ ઉસ્માનભાઈ ઘોઘારી રહેવાસી- મ.ન.૨૦ આલ્ફા ડુપ્લેક્ષ એક્તા  મેદાન જુમ્મા મસ્જીદની પાસે ઝલક ફ્લેટની બાજુમા વેજલપુર અમદાવાદ |

➢ અમદાવાદ શહેરના માધવપુરા,વાડજ, સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તાર તથા ગાંધીનગર જિલ્લાનાં અડાલજ પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોની સાથે ઝઘડો કરી મારમારી તથા લુટ કરનાર તથા પોલીસ કર્મચારી ની ફરજમા રુકાવટ કરનાર ગુનાહિત અને ઝનુની માનસ ધરાવનાર પુરુષોતમ ઉર્ફે પ્રાંજલ દે વાલજીભાઈ ઉર્ફે વાલાજી ગોહિલ રહેવાસી- રામાપીર નો ટેકરો નવા વાડજ અમદવાદ મુળવતન ગામ- સુંધામાતા પરમ પોસેરી તા. ઝાલોર રાજસ્થાન વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી રાજકોટ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | પુરુષોતમ ઉર્ફે પ્રાંજલ દે વાલજીભાઈ ઉર્ફે વાલાજી ગોહિલ રહેવાસી- રામાપીર નો ટેકરો નવા વાડજ અમદવાદ મુળવતન ગામ- સુંધામાતા પરમ પોસેરી તા. ઝાલોર રાજસ્થાન |

➢ આ ઉપરાંત અન્ય મિલ્કત સંબધી/શરીર સબંધી/પ્રોહીબીશનની પ્રવૃતિ સાથે સંકળાયેલ ૬ ઇસમો મળી **કુલ્લે ૧૦ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને સુરત, વડોદરા,રાજકોટ જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

# ચેઇન સ્નેચીંગના ગુનાના આરોપીની કરેલ અટકાયતની વિગત

## સરદારનગરપોલીસ સ્ટેશન :

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર-૨ નાઓ તથા નાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૦૪ સાહેબ તથા મદદનીશ પોલીસ.કમીશ્નરશ્રી “ જી” ડીવીજન સાહેબ નાઓ તરફથી નાસતા-ફરતા આરોપીઓ પકડવાની તેમજ મિલકત સંબધી ગુન્હાઓ શોધી કાઢવા કરેલ સુચના અનુશંધાને પોલીસ ઇન્સપેકટર સી.આર.જાદવ સરદારનગર પોલીસ સ્ટેશન નાઓની સુચના તથા માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સઆઇ.કે.મોથલિયા તથા સ્ટાફ ના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેનાઅ.પો.કો.કિશોરસિહ સરદારસિહ બ ન ૮૧૯૯ તથા અ.લોકરક્ષક પરબતભાઇ જેરૂપભાઇ બ.ન-૧૧૭૮ નાઓને મળેલ બાતમી હકિકત આધારે સરદારનગર પો.સ્ટે.ફ.ગુ.ર.ન.૧૬૨/૧૯ ઇ.પી.કો.કલમ-૩૭૯(એ)(૩),૧૧૪,૪૧૩ મુજબના ગુન્હાના કામે ફરીયાદી તારીખ-૨૨/૧૧/૨૦૧૯ ના સવારના કલાક ૨૧/૦૦ વાગ્યા ના સમયે કુબેરનગર બંગ્લા એરીયા સુખરામદરબાર ની આગળ જાહેર રોડ પર પોતાના કબજાની એકટીવા પર જતા ત્યારે એક મો.સા.પર આવેલ બે અજાણ્યા ઇસમોએ એક સંપ થઈ ફરીયાદી સાથે જપા જપી કરી ફરીયાદીના ગળામાં પહેરેલ પોણા તોલા સોનાની ચઇન કિ.રૂ.૨૫,૦૦૦ /- મતાની ફરીના ગળામાં હાથ નાખી સોનાની ખેચી જુટવી તોડીલઇ ભાગી ગયેલ જે ગુનાના કામે આરોપીપિયુષ ઉર્ફે બોબી ઉર્ફે દેગડી સ/ઓ કિશનભાઇ અભવેકર (છારા) જે કુબેરનગર જી વોર્ડ સર્કલ પાસેથી મળી આવતાં અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

આરોપી:- (૧) પિયુષ ઉર્ફે બોબી ઉર્ફે દેગડી સ/ઓ કિશનભાઇ અભવેકર (છારા) ઉ વ ૨૧
રહેવાસી- ફ્રી કોલોની પાણીની ટાંકી પાસે કુબેરનગર સરદારનગર અમદાવાદ.

મુદ્દામાલ;- સો ટકા મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ છે.

કામગીરી કરનાર અધીકારી / કર્મચારી ;-(૧) પોલીસ ઇન્સપેકટર સી.આર.જાદવ (૨) પોલીસ સબ ઇન્સપેકટર આઇ.કે.મોથલિયા (૩) અ.પો.કો.કિશોરસિહ સરદારસિહ બ ન ૮૧૯૯ (૪) અ.લોકરક્ષક પરબતભાઇ જેરૂપભાઇ બ ન ૧૧૭૮ વિગેરે.



# ચોરીના ગુનાના આરોપીની કરેલ અટકાયતની વિગત

## સરદાનગર પોલીસ સ્ટેશન :

## ઘરફોડ ચોરીના ગુનાના આરોપી ને મુદ્દામાલ સાથે પકડી પાડતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સાહેબશ્રી સેક્ટર-૨ નાઓ તથાનાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૦૪ સાહેબ તથા મદદનીશપોલીસ.કમીશ્નરશ્રી “ જી” ડીવીજન સાહેબ નાઓ તરફથીનાસતા-ફરતા આરોપીઓ પકડવાની તેમજ મિલકત સંબધી ગુન્હાઓ શોધી કાઢવા કરેલ સુચના અનુશંધાને પોલીસ ઇન્સપેકટર સી.આર.જાદવ સરદારનગર પોલીસ સ્ટેશન નાઓની સુચના તથા માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સઆઇ.કે.મોથલિયા તથા સ્ટાફ ના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેનાઅનાર્મ.પો.કો ભરતભાઇ હરચંદભાઇ બ.ન.૮૪૫૭ તથા લોકરક્ષક ચેતનકુમાર હાજાભાઇ બ.ન.૧૨૮૬૩નાઓને મળેલ સંયુકત ખાનગી બાતમી હકિકત આધારે સરદારનગર પો.સ્ટે. ફ.ગુ.ર.ન.૧૭૦/૧૯ ઇ.પી.કો.કલમ-૪૫૪,૪૫૭,૩૮૦ મુજબના ગુન્હાના કામે તારીખ- ૬/૧૨/૧૯ ના કલાક ૧૨/૩૦ વાગે થી તા- ૭/૧૨/૧૯ ના કલાક ૦૮/૩૦ વાગ્યા દરમ્યાન કોઇ પણ સમયે કોઇ અજાણ્યા ચોર ઇસમે ફરીયાદીની કુબેરનગર એ વોર્ડ ખાતે આવેલ દુકાનનુ શટલ તોડી થી રોકડા રૂપીયા ની ઘરફોડ ચોરી કરેલ જે ગુનાના કામે આરોપી મયુર ઉર્ફે પાપુ સ/ઓ મહેન્દ્રભાઇ મંગળદાસ જાતે સોલંકી ઉ.વ ૧૯ રહેવાસી- કુબેરનગર ભીક્ષુક ગ્રુહ કમ્પાઉંડ કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેરનાને ચોરી કરેલ સમગ્ર મુદામાલ સાથે કુબેરનગર રેલ્વેક્રાંસીગ પાસેથી મળી આવતાં અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

આરોપી:-(૧) મયુર ઉર્ફે પાપુ સ/ઓ મહેન્દ્રભાઇ મંગળદાસ જાતે સોલંકી ઉ.વ ૧૯ રહેવાસી- કુબેરનગર ભીક્ષુક ગ્રુહ કમ્પાઉંડ કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર

કામગીરી કરનાર અધીકારી / કર્મચારી ;-(૧) પોલીસ ઇન્સપેકટર સી.આર.જાદવ (૨) પોલીસ સબ ઇન્સપેકટર આઇ.કે.મોથલિયા (૩) પો.કો ભરતભાઇ હરચંદભાઇ બ.ન.૮૪૫૭ (૪) લોકરક્ષક ચેતનકુમાર હાજાભાઇ બ.ન.૧૨૮૬૩ વિગેરે.

